ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ., હિંમતનગર.

અનંત આસ્થા

SK BANK

સાકો બેંક

The Sabarkantha District Central Co-operative Bank Ltd.

૬૫ મો વાર્ષિક અહેવાલ

૨૦૨૨-૨૩

Key Ratios & Parameter of Last Three Years

Particulars	31-3-21	31-3-22	31-3-23
CRAR	11.16	10.99	11.72
CD Ratio	49.05	49.59	55.96
Cost of Diposit	4.74	3.98	3.78
Cost of Borrowing	6.38	5.95	6.36
Cost of Fund	4.15	3.68	3.49
Risk Cost	0.34	0.91	0.43
Cost of Management (COM)	2.71	2.60	3.35
Operating Margin	0.71	1.25	0.86
ID Ratio	54.38	55.90	54.17
Return on Assets (ROA)	0.37	0.38	0.48
Return on Equity (ROE)	5.10	4.62	5.90
Yield on Advances	9.52	9.32	9.20
Yield on Investments	7.36	6.65	6.59
Casa Deposits to Total Deposits	50.33	52.80	51.98
Gross NPAS As to Gross Adavances	2.73	2.07	1.47
Net NPAS As to Net Adavances	0.00	0.00	0.00
Yield on Assets	7.02	7.07	7.28
Net Interest Marging (NIM)	2.87	3.40	3.80
Business per Staff (Rs. Lakh)	512.20	525.10	578.26
Business per Branch (Rs. Lakh)	3069.26	3451.25	3910.98

*Above Ratios are as per NABARD PAR Reports

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ.

હિંમતનગર.

બેંકના માનવંતા સભાસદ જોગ

।। નમ્ર વિનંતી ।।

આપણી બેંકની ૬૫મી વાર્ષિક સાધારણ સભા **તા. ૦૫-૦૯-૨૦૨૩** ને **મંગળવાર** ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે **BAPS સ્વામીનારાયણ મંદિર, કાંકણોલ, શામળાજી નેશનલ હાઈવે નં. ૮, ના સભાખંડમાં** મળનાર છે. જેમાં ઉપસ્થિત રહેનાર માનવંતા સભાસદોને નમ્ર વિનંતી છે કે,

૧. આપના વાહનો યોગ્ય જગ્યાએ પાર્ક કરવા વિનંતી.

૨. મંદિરની પવિત્રતા જળવાય તે માટે ધુમ્રપાન, ગુટકા-મસાલા, પાન વિગેરે ન વાપરવા તથા ગમે ત્યાં ન થુંકવા વિનંતી છે.

૩. આપના પગરખાં હોલની નીચે યોગ્ય જગ્યાએ મુકવા વિનંતી છે.

૪. નાસ્તો તથા જમવાનું ભગવાનનો પ્રસાદ માની સહેજપણ બગાડ ન થાય તે જોવા વિનંતી તેમજ જમવાના હોલમાં સહેજપણ ધક્કામુક્કી ન થાય તેમજ શાંતિ જળવાય તેની તકેદારી રાખવી.

વાર્ષિક સાધારણ સભામાં વ્યવસ્થામાં સંપૂર્ણ સાથ - સહકાર આપવા આપ સૌને નમ્ર વિનંતી સહ...

સંચાલક મંડળ સને ૨૦૨૩-૨૦૨૪

શ્રીમતી હંસાબેન એમ. પટેલ
ચેરમેનશ્રી

શ્રી ભીખાજી ડી. ડામોર
વા. ચેરમેનશ્રી



શ્રી શંકરભાઇ એલ. ચૌધરી
ડિરેકટરશ્રી
(તા. ૨૦-૦૭-૨૦૨૩ સુધી)

શ્રી અજયભાઇ એચ. પટેલ
ડિરેકટરશ્રી
(તા. ૨૧-૦૭-૨૦૨૩ થી)

શ્રી જેઠાભાઇ પી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી કનુભાઇ એમ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી અરવિંદભાઇ વી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી પંકજભાઇ આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી કલ્પેશકુમાર ડી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી દશરથભાઇ આઇ. પટેલ
ડિરેકટરશ્રી

સંચાલક મંડળ સને ૨૦૨૩-૨૦૨૪

શ્રીમતી શાન્તાબેન એન. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી રાજેશકુમાર સી. અમીન
ડિરેકટરશ્રી

શ્રીમતી નીરૂબેન જી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રીમતી ઇન્દ્રાજકુમારી આર. ભાટી
ડિરેકટરશ્રી

શ્રીમતી શીતલબેન જે. પટેલ
ડિરેકટરશ્રી

શ્રીમતી અરૂણાબેન આર. ચાવડા
ડિરેકટરશ્રી

શ્રી પંકજકુમાર પી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ગોપાલભાઇ આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી નિશ્ચલકુમાર જે. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી સતીષભાઇ એચ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી એમ.આર. ત્રિવેદી
જિલ્લા રજીસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ

શ્રી એચ.પી. નાયક
ચીફ એકઝીકયુટીવ

શ્રી એચ. એમ. પટેલ
એડવાઇઝર ટુ ધી બોર્ડ

સંચાલક મંડળ સને ૨૦૨૨-૨૦૨૩



શ્રી મહેશભાઇ એ. પટેલ
ચેરમેનશ્રી

શ્રી રાજેન્દ્રસિંહ એન. ભાટી
વાઇસ ચેરમેનશ્રી

શ્રી પંકજભાઇ એન. પટેલ
માનદ્ મેનેજીંગ ડિરેકટરશ્રી



શ્રી શંકરભાઇ એલ. ચૌધરી
ડિરેકટરશ્રી
(તા. ૨૨-૧૨-૨૦૨૨ થી)

શ્રી અજયભાઇ એચ. પટેલ
ડિરેકટરશ્રી
(તા. ૨૧-૧૨-૨૦૨૨ સુધી)

શ્રી રાજેન્દ્રસિંહ આર. ચાવડા
ડિરેકટરશ્રી

શ્રી જશુભાઇ એસ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી મુકેશભાઇ આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી જેઠાભાઇ પી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી એન. ટી. ઉપાધ્યાય
ડિરેકટરશ્રી

સંચાલક મંડળ સને ૨૦૨૨-૨૦૨૩

શ્રી જગદીશભાઇ એસ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી શામળભાઇ એસ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ઉમેશકુમાર સી. અમીન
ડિરેકટરશ્રી

શ્રી ગોપાલભાઇ એમ. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી અરવિંદભાઇ વી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ધીરજભાઇ પી. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી જયોતિન્દ્રભાઇ આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી પંકજકુમાર આર. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી ઈશ્વરભાઇ જે. પટેલ
ડિરેકટરશ્રી

શ્રી કલ્પેશકુમાર ડી. પટેલ
ડિરેકટરશ્રી



શ્રી કનુભાઇ એમ. પટેલ
પ્રો. ડિરેકટરશ્રી

શ્રી જયંતિભાઈ જે. પટેલ
પ્રો. ડિરેકટરશ્રી

શ્રી એ. પી. અસારી
જિલ્લા રજીસ્ટ્રારશ્રી
સહકારી મંડળીઓ

શ્રી એચ.એમ. પટેલ
એડવાઈઝર ટુ ધી બોર્ડ

શ્રી એચ. પી. નાયક
ચીફ એક્ઝીક્યુટીવ

તા. ૦૮/૦૮/૨૦૨૩ના રોજ સર્વાનુમતે બીનહરીફ વરણી પામેલ બેંકના ચેરમેનશ્રી હંસાબેન મુકેશભાઇ પટેલ તથા વાઇસ ચેરમેનશ્રી ભીખાજી ડામોર

આપણી બેંકે અમલમાં મુકેલ ગ્રુપ પર્સનલ એકસીડન્ટ વિમા પોલીસી અન્વયે તાજપુર સેવા મંડળીના મૃત સભાસદ સ્વ.શ્રી પરબતસિંહ ફતેસિંહ ચૌહાણના વારસદારોને રૂા .૫૦૦૦૦૦/- ના કલેઇમનો ચેક અર્પણ કરતાં બેંકના તત્કાલીન ચેરમેનશ્રી મહેશભાઇ એ. પટેલ વર્તમાન ડિરેકટરશ્રી દશરથભાઇ આઇ. પટેલ તેમજ અન્ય મહાનુભવો.

સેવા સહકારી મંડળીઓના સેક્રેટરીશ્રીઓની મિટીંગમાં ઉપસ્થિત નાબાર્ડના તત્કાલીન ચીફ જનરલ મેનેજરશ્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરતાં બેંકના તત્કાલીન ચેરમેનશ્રી મહેશભાઈ એ. પટેલ

આપણી બેંકની ગત વાર્ષિક સાધારણ સભામાં સ્વાગત પ્રવચન કરતાં બેંકના તત્કાલીન ચેરમેનશ્રી મહેશભાઈ એ. પટેલ, બોર્ડ ઓફ ડિરેકટર્સશ્રીઓ

भारतीय रिज़र्व बैंक
ग्रामीण आयोजना और ऋण विभाग
क्षेत्रीय कार्यालय, अहमदाबाद

Reserve Bank of India
Rural Planning & Credit Department
Regional Office, Ahmedabad.

लाइसेंस सं. ग्राआऋवि (अह) 20/2011-12
दिनांक : 25 जून, 2012

भारतीय रिज़र्व बैंक को बैंककारी विनियमन अधिनियम, 1949 की धारा 56 (ओ) के साथ पढ़ी जानेवाली धारा 22(1) द्वारा प्रदत्त शक्तियों का प्रयोग करते हुए **दि साबरकांठा डीस्ट्रीक्ट सेंन्ट्रल को-ओपरेटीव बेंक ली., सहकार भवन, हिम्मत हायस्कूल के सामने, शुक्ला रोड, हिम्मतनगर – 383 001** को एतदद्वारा निम्नलिखित शर्तो के अधीन बैंकिंग कारोबार प्रारंभ करने और उसे चालु रखने का लाईसेंस प्रदान किया जाता है :

(क) बैंक के परिचालन का क्षेत्र केवल संबंधित गुजरात राज्य के साबरकांठा जिले तक ही सीमित होगा ।

(ख) बैंक अपने पंजीकृत कार्यालय में लाईसेंस अथवा उसकी प्रमाणित प्रतिलिपि अपना कारोबार शुरू करने के दिन / लाईसेंस प्राप्त होने के बाद की तारीख से प्रदर्शित करेगा ।

(बि. एन. लोनारे)
उपमहाप्रबंधक

Licence No. RPCD (AH) 20/2011-12
Dated : 25 June 2012

In exercise of the power conferred on the Reserve Bank of India by Section 22 (1) read with Section 56(0) of the Banking Regulation Act, 1949 **The Sabarkantha District Central Co-operative Bank Ltd., Sahakar Bhavan, Opp. Himmat High School, Shukla Road, Himmatnagar - 383 001** is hereby granted a licence to commence and carry on banking business, subject to the following conditions :

(a) **The area of operation of the bank shall be confined only to the Sabarkantha District of Gujarat State.**

(b) This licence or a certified copy thereof shall be displayed at the registered office of the bank from the day on which it commences business / date following the receipt thereof.

(B.N. Lonare)
Deputy General Manager

This licence has been issued in lieu of the licence (RPCD (AH) 8/2009-10 dated February 22, 2010) issued earlier by this office vide RPCD (AH) No. 3873/04.01.02/2009-10 dated February 22, 2010.

भारतीय रिज़र्व बैंक

RESERVE BANK OF INDIA

www.rbi.org.in

सबैंपवि(अह).आरसीबी.आरएफ.सं. 3472/04.22.001/2017-18 June 07, 2018

मुख्य कार्यपालक अधिकारी
दी साबरकांठा डिस्ट्रिक्ट सेंट्रल कोपरेटिव बैंक ली.
"सहकार विकास भवन", स्टेशन रोड
हिम्मतनगर – 383 001

महोदय

Issue of Banking License under Section 22 of B.R. Act, 1949 (AACS) – Amendment to the License

Please refer to the revised License issued to your bank vide License No. RPCD (AH) 20/2011-12 dated June 25, 2012 indicating specifically, the area of operation of your bank.

2. In this connection, following reorganization of districts by the State Government, the area of operation of your bank has undergone change.

3. Accordingly, **"The area of operation of the bank shall be confined only to the Sabarkantha and Aravalli Districts of Gujarat State."**

4. This letter is being issued to your bank, in amendment to the above-mentioned License No. RPCD(AH) 20/2011-12 dated June 25, 2012 issued, to commence and carry on banking business subject to area of operation as mentioned above.

5. This letter or a certified copy thereof along with our License No. RPCD(AH) 20/2011-12 dated June 25, 2012 or certified copy thereof shall be displayed at the registered office of the bank forthwith.

भवदीय
डी. के. नालबंद
(डी के नालबंद)
उप महाप्रबंधक

सहकारीबैंक पर्यवेक्षणविभाग, लागज्जरचेंबर्स, आश्रमरोड़, पोस्टबैगसं. 1, अहमदाबाद– 380 009
Department of Co-operative Bank Supervision, La Gajjar Chambers, Ashram Road, Post Bag No.1, Ahmedabad - 380 009
टेलीफोन/Telephone:079-26583344, 26583343, फ़ैक्स/Fax: 079 -26585184
ईमेल/e-mail: dcbsahmedabadic@rbi.org.in

हिंदी आसान है, इसकाप्रयोग बढ़ाइये

Caution: RBI never sends mails, SMSs or makes calls asking for personal information like bank account details, Passwords, etc. It never keeps or offers funds to anyone. Please do not respond in any manner to such offers.

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ.

શુક્લ રોડ, હિંમતનગર - ૩૮૩ ૦૦૧, જિ. સાબરકાંઠા.

વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે, બેંકની **પાંસઠમી વાર્ષિક સાધારણ સભા તા. ૦૫-૦૯-૨૦૨૩** ને **મંગળવાર** ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે **BAPS સ્વામીનારાયણ મંદિરના સભાખંડ, કાંકણોલ, શામળાજી નેશનલ હાઈવે નં. ૮, હિંમતનગર** મુકામે મળશે. તો તે સમયે સભાસદોને સાધારણ સભામાં હાજર રહેવા વિનંતી છે. સભામાં નીચે પ્રમાણેના કામો રજુ કરી તેનો નિકાલ કરવામાં આવશે.

।। કાર્યસૂચિ ।।

૧. તા. ૨૫-૦૬-૨૦૨૨ ની ગત સાધારણ સભાના અહેવાલની નોંધ લેવા બાબત.

૨. તા. ૩૧-૩-૨૦૨૩ ના રોજ પૂરા થતા વર્ષ આખરના બેંકના કામકાજનો અહેવાલ, સરવૈયું, નફા-તોટા પત્રક તથા નફાની વહેંચણી વગેરેને બોર્ડ ઓફ ડિરેકટર્સની ભલામણ મુજબ મંજુરી આપવા બાબત.

૩. સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના હિસાબના ઓડીટ રીપોર્ટની નોંધ લેવા બાબત.

૪. સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષ માટે વૈદ્યાનીક ઓડીટર્સની નિમણુંક તથા મહેનતાણું નક્કી કરવા બેંકના નિયામક મંડળને સત્તા આપવા વિચારણા કરવા સારું.

૫. અધ્યક્ષશ્રી તરફથી અગરતો તેઓશ્રીની મંજુરીથી જે કંઇ કામો રજુ થાય તે ઉપર વિચારણા કરી યોગ્ય કરવા બાબત.

હિંમતનગર.
તા. ૨૦-૦૪-૨૦૨૩

બોર્ડ ઓફ ડિરેકટર્સના આદેશથી
હિતેનકુમાર પી. નાયક
ચીફ એક્ઝીક્યુટીવ

નોંધ : (૧) સભા નોન કોરમ થશે તો તેજ તારીખે અને સ્થળે અડધા કલાક બાદ સભાનું કામકાજ હાથ ધરવામાં આવશે. અને કોરમ બાધ આવશે નહીં.

(૨) સભાસદોને હિસાબી કામકાજ અંગેની માહિતીની જરૂર હોય તો તેમણે સભાના ૭ દિવસ અગાઉ ઓફિસ સમય દરમીયાન વડીકચેરીએ આવી સમજી જવા વિનંતી છે.

રજુ કરે છે આપની ડિપોઝીટ (થાપણ) પર પ્રવર્તમાન આકર્ષક વ્યાજ દર તથા અન્ય આકર્ષક થાપણ યોજનાઓ

અ. નં.	બાંધી મુદત થાપણ મુદત	તા. ૧૧-૦૭-૨૦૨૩થી અમલમાં આવતાં વ્યાજના દર	સીનીયર સીટીઝન્સને આપવાના વ્યાજના દર
૧	૧૫ દિવસથી ૪૫ દિવસ સુધી	૪.૦૦%	૪.૦૦%
૨	૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી	૫.૦૦%	૫.૦૦%
૩	૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી	૫.૦૦%	૫.૦૦%
૪	૧૮૦ દિવસથી ૨૭૦ દિવસ સુધી	૫.૭૫%	૫.૭૫%
૫	૨૭૧ દિવસથી ૩૬૬ દિવસ સુધી	૬.૦૦%	૬.૦૦%
૬	૩૬૭ દિવસથી ૭૩૧ દિવસ સુધી	૭.૦૦%	૭.૫૦%
૭	૭૩૨ દિવસથી ૧૦૯૬ દિવસ સુધી	૭.૦૦%	૭.૫૦%

અમારું આમંત્રણ.... આપની સગવડતા માટે

આ બેંકની કોઇપણ શાખામાં આપનું બચત/ચાલુ ખાતું ખોલાવી ભારતભરમાં કોઇપણ સ્થળના ડ્રાફ્ટની સગવડ મેળવો.

આર.ટી.જી.એસ./એન.ઇ.એફ.ટી./આઇ.એમ.પી.એસ.ની સુવિધા

બેંકની તમામ શાખાઓ સીબીએસ પ્લેટ ફોર્મ પર કાર્યરત છે. બેંકના ગ્રાહકોને વધુ સારી બેંકીંગ સુવિધાઓ ઘર આંગણે મળી રહે તે માટે બેંક દ્વારા ધી ગુજરાત રાજ્ય સહકારી બેંક, અમદાવાદની સબ મેમ્બરશીપ હેઠળ બેંકની તમામ શાખાઓમાં **આર.ટી.જી.એસ./એન.ઇ.એફ.ટી./આઇ.એમ.પી.એસ. ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે.** જેના કારણે જે તે શાખા દ્વારા ગ્રાહકોના નાણાં ત્વરીત ટ્રાન્સફર કરવાની સુવિધા શાખા ક્ષેત્રે જ શરૂ થઇ ગયેલ છે. તેમજ દેશના કોઇપણ ખૂણેથી આપણી બેંકની શાખાના ગ્રાહકના એકાઉન્ટમાં રકમ જમા કરવી હોય તો પણ થઇ શકે છે.

ATM દ્વારા ભારતભરના કોઇપણ **ATM** માંથી કેશ વિડ્રો થઇ શકે છે.

સોના-ચાંદીના દાગીના તથા પોસ્ટના એન.એસ.સી., કેવી.પી. સામે ધિરાણ

સોના-ચાંદીના દાગીના સામે તથા પોસ્ટના નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટસ (એન.એસ.સી.), કિસાન વિકાસપત્રો (કે.વી.પી.) સામે આકર્ષક વ્યાજ દરે ધિરાણ મેળવવા આ બેંકની નજીકની શાખાનો સંપર્ક સાધવા વિનંતી.

તદ્ ઉપરાંત આપની જરૂરીયાત મુજબની વિવિધ ધિરાણ યોજનાઓ તો ખરીજ.

તો આવો આજે જ સાબરકાંઠા બેંકની નજીકની શાખાની મુલાકાત લઇ બેંક મારફતે અપાતી વિવિધ સેવાઓનો લાભ લઇએ.

"વિના સહકાર નહિ ઉદ્ધાર"

સંચાલક મંડળ સને ૨૦૨૩-૨૦૨૪

ખેતી વિષયક સહકારી શરાફી અને વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓના પ્રતિનિધિ :

અ. નં.		
૧.	શ્રીમતી હંસાબેન મુકેશભાઇ પટેલ	ચેરમેન
૨.	શ્રી ભીખાજી દુધાજી ડામોર	વાઇસ ચેરમેન
૩.	શ્રી કનુભાઇ મણીભાઇ પટેલ	ડિરેક્ટર
૪.	શ્રી અરવિંદભાઇ વિશ્રામભાઇ પટેલ	ડિરેક્ટર
૫.	શ્રી પંકજકુમાર રામજીભાઇ પટેલ	ડિરેક્ટર
૬.	શ્રી કલ્પેશકુમાર ડાહ્યાભાઇ પટેલ	ડિરેક્ટર
૭.	શ્રી દશરથભાઇ ઈશ્વરભાઇ પટેલ	ડિરેક્ટર
૮.	શ્રીમતી શાન્તાબેન નરસિંહભાઇ પટેલ	ડિરેક્ટર
૯.	શ્રીમતી ઇન્દ્રાજકુમારી રાજેન્દ્રસિંહ ભાટી	ડિરેક્ટર
૧૦.	શ્રીમતી શીતલબેન જગદીશભાઇ પટેલ	ડિરેક્ટર
૧૧.	શ્રી ગોપાલભાઇ રાંમાભાઇ પટેલ	ડિરેક્ટર
૧૨.	શ્રી નિશ્ચલકુમાર જશુભાઇ પટેલ	ડિરેક્ટર
૧૩.	શ્રી સતીષભાઇ હરીભાઇ પટેલ	ડિરેક્ટર

માર્કેટીંગ અને પ્રોસેસીંગ મંડળીઓના પ્રતિનિધિ :

૧૪.	શ્રી પંકજકુમાર પુંજાભાઇ પટેલ	ડિરેક્ટર

પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ :

૧૫.	શ્રી જેઠાભાઇ પ્રભુદાસભાઇ પટેલ (ઉત્તર વિભાગ)	ડિરેક્ટર
૧૬.	શ્રીમતી નીરૂબેન ગોપાલભાઇ પટેલ (દક્ષિણ વિભાગ)	ડિરેક્ટર

પ્રાથમિક નાગરિક સહકારી બેંકો અને નાગરિક સહકારી શરાફી મંડળીઓના પ્રતિનિધિ :

૧૭.	શ્રી રાજેશકુમાર ચીનુભાઇ અમીન	ડિરેક્ટર

બીનખેતી વિષયક શરાફી અને ઔદ્યોગિક તેમજ ઇતર મંડળીઓના પ્રતિનિધિ :

૧૮.	શ્રીમતી અરૂણાબેન રાજેન્દ્રસિંહ ચાવડા	ડિરેક્ટર

રાજ્ય સહકારી બેંકના પ્રતિનિધિ :

૧૯.	શ્રી શંકરભાઇ એલ. ચૌધરી (માન.અધ્યક્ષશ્રી ગુજ્રાત વિધાનસભા (૨૦-૦૭-૨૩ સુધી)	ડિરેક્ટર
	શ્રી અજયભાઇ હરીભાઇ પટેલ (માન. ચેરમેનશ્રી, ધી ગુજ. સ્ટેટ કો.-ઓપ. બેંક લી., અમદાવાદ)(તા. ૨૧-૦૭-૨૦૨૩ થી)	ડિરેક્ટર

રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ :

૨૦.	જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, હિંમતનગર.	ડિરેક્ટર

પી. જે. પટેલ	જી.પી. પટેલ	એચ.પી. નાયક	એચ. એમ. પટેલ
(બી.ટેક. એગ્રી. એન્જી., CAIIB જી.ડી.સી.એન્ડ એ.) જનરલ મેનેજર (ફાયનાન્સ)	(એમ.એસસી. એગ્રી. CAIIB જી.ડી.સી.એન્ડ એ.) જનરલ મેનેજર (લોન્સ)	(બી.કોમ., એમ.બી.એ., CAIIB જી.ડી.સી.એન્ડ એ. પી.જી.ડી.એફ.એ., Deploma in A.L.M. & KYC) ચીફ એક્ઝીક્યુટીવ	(બી. એસસી., એગ્રી.) એડવાઈઝર ટુ ધી બોર્ડ

સંચાલક મંડળ સને ૨૦૨૨-૨૦૨૩

માર્કેટીંગ અને પ્રોસેસીંગ મંડળીઓના પ્રતિનિધિ

અ.નં.

૧. શ્રી મહેશભાઈ અમીચંદભાઈ પટેલ — ચેરમેન

ખેતી વિષયક સહકારી શરાફી અને વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓના પ્રતિનિધિ :

૨. શ્રી રાજેન્દ્રસિંહ નહારસિંહ ભાટી — વાઈસ ચેરમેન

૩. શ્રી પંકજભાઈ નરસિંહભાઈ પટેલ — માનદ્ મેનેજીંગ ડિરેકટર

૪. શ્રી ઈશ્વરભાઈ જોઈતાભાઈ પટેલ — ડિરેકટર

૫. શ્રી નરેન્દ્રભાઈ ત્રિભોવનદાસ ઉપાધ્યાય — ડિરેકટર

૬. શ્રી જશુભાઈ શીવાભાઈ પટેલ (માનનીય ધારાસભ્યશ્રી) — ડિરેકટર

૭. શ્રી મુકેશભાઈ રેવાભાઈ પટેલ — ડિરેકટર

૮. શ્રી ધીરજભાઈ પરષોત્તમભાઈ પટેલ — ડિરેકટર

૯. શ્રી જ્યોતિન્દ્રભાઈ રણછોડભાઈ પટેલ — ડિરેકટર

૧૦. શ્રી શામળભાઈ સવજીભાઈ પટેલ — ડિરેકટર

૧૧. શ્રી પંકજકુમાર રામજીભાઈ પટેલ — ડિરેકટર

૧૨. શ્રી અરવિંદભાઈ વિશ્રામભાઈ પટેલ — ડિરેકટર

૧૩. શ્રી કલ્પેશકુમાર ડાહ્યાભાઈ પટેલ — ડિરેકટર

૧૪. શ્રી જગદીશભાઈ શામજીભાઈ પટેલ — ડિરેકટર

પ્રાથમિક દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ :

૧૫. શ્રી જેઠાભાઈ પ્રભુદાસભાઈ પટેલ (ઉત્તર વિભાગ) — ડિરેકટર

૧૬. શ્રી ગોપાલભાઈ મોહનભાઈ પટેલ (દક્ષિણ વિભાગ) — ડિરેકટર

પ્રાથમિક નાગરિક સહકારી બેંકો અને નાગરિક સહકારી શરાફી મંડળીઓના પ્રતિનિધિ :

૧૭. શ્રી ઉમેશકુમાર ચીનુભાઈ અમીન — ડિરેકટર

બીનખેતી વિષયક શરાફી અને ઔદ્યોગિક તેમજ ઈતર મંડળીઓના પ્રતિનિધિ :

૧૮. શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા — ડિરેકટર

રાજય સહકારી બેંકના પ્રતિનિધિ :

૧૯. શ્રી અજયભાઈ હરીભાઈ પટેલ (માન. ચેરમેનશ્રી, ધી ગુજ.સ્ટેટ કો.-ઓપ. બેંક લી., અમદાવાદ(તા. ૨૧-૧૨-૨૦૨૨ સુધી)) — ડિરેકટર

શ્રી શંકરભાઇ એલ. ચૌધરી (માન.અધ્યક્ષશ્રી ગુજ્રાત વિધાનસભા ૨૨-૧૨-૨૨ થી) — ડિરેકટર

પ્રોફેશનલ અને આમંત્રિત ડિરેકટર

૨૦. શ્રી કનુભાઈ મણીભાઈ પટેલ — ડિરેકટર

૨૧. શ્રી જયંતિભાઈ જીવાભાઈ પટેલ — ડિરેકટર

રજીસ્ટ્રારશ્રીના પ્રતિનિધિ :

૨૨. શ્રી જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, હિંમતનગર. — ડિરેકટર

પી. જે. પટેલ
(બી.ટેક. એગ્રી. એન્જી., CAIIB જી.ડી.સી.એન્ડ એ.)
જનરલ મેનેજર
(ફાયનાન્સ)

જી.પી. પટેલ
(એમ.એસસી. એગ્રી. CAIIB જી.ડી.સી.એન્ડ એ.)
જનરલ મેનેજર
(લોન્સ)

એચ.પી. નાયક
(બી.કોમ., એમ.બી.એ., CAIIB જી.ડી.સી.એન્ડ એ. પી.જી.ડી.એફ.એ., Deploma in A.L.M. & KYC)
ચીફ એક્ઝીક્યુટીવ

એચ. એમ. પટેલ
(બી. એસસી., એગ્રી.)
એડવાઈઝર ટુ ધી બોર્ડ

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિ., હિંમતનગર

શુકલ રોડ, હિંમતનગર - ૩૮૩૦૦૧, જિ. સાબરકાંઠા.

નોંધણી નંબર : ૨૪૯૩૫, તા. ૧૫-૪-૧૯૫૯

રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા લાયસન્સ નંબર : આર.પી.સી.ડી.(અહ.) ૨૦/૨૦૧૧-૧૨ તા. ૨૫-૬-૨૦૧૨

ઓડીટ વર્ગ ''અ''

તા. ૩૧-૩-૨૦૨૩ ના રોજ પુરા થતા વર્ષ આખરે ભરપાઇ થયેલ

અધિકૃત શેર ભંડોળ	રૂા.	૪,૨૫૦.૦૦ લાખ
ભરપાઇ થયેલ શેર ભંડોળ	રૂા.	૩,૬૦૬.૭૮ લાખ
બીજા ભંડોળો	રૂા.	૨૯,૯૨૧.૬૦ લાખ
સર્વ પ્રકારની કુલ થાપણ	રૂા.	૩,૨૮,૫૧૪.૧૦ લાખ

:: ઓડીટર્સ ::

SURESH CHANDRA & ASSOCIATES

ચાર્ટડ એકાઉન્ટન્ટસ્

H.O. New Delhi

Branch - Ahmedabad

(રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા દ્વારા મંજુરી પ્રાપ્ત અધિકૃત સ્ટેચ્યુટરી ઓડીટર્સ)

:: બેંકર્સ ::

૧. ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ., અમદાવાદ.

૨. સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા

૩. બેંક ઓફ બરોડા

૪. એચ.ડી.એફ.સી. બેંક

૫. આઇ.ડી.બી.આઇ. બેંક

૬. આઇ.સી.આઇ.સી.આઇ. બેંક

૭. એક્સીઝ બેંક

૬૫ મી વાર્ષિક સાધારણ સભા

ચેરમેનશ્રીનું નિવેદન

પરમ આદરણીય સભાસદો,

આપણા લોકલાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સુંદર નેતૃત્વ નીચે આપણો દેશ સાર્વત્રિક વિકાસ કરી રહ્યો છે. જેના પગલે આપણા દેશને "G-20" સમીટ નું અધ્યક્ષપદ પણ મળેલ છે. આજ પ્રમાણે ભારતમાં પાકતા જાડા ધાન્ય જેવાં કે મકાઇ, બાજરા, રાગી વગેરેની અગત્યતા સ્વીકારી વર્ષ ૨૦૨૩ને ''ઇન્ટરનેશનલ યર ઓફ મીલેટસ'' પણ જાહેર કરવામાં આવેલ છે. આ ગૌરવપદ ક્ષણો માટે સહભાગી થવું એ સૌ ભારતીયો માટે ગર્વ લેવા જેવી બાબત છે.

આપણા દેશના પ્રથમ સહકાર મંત્રી માનનીય શ્રી અમીતભાઇ શાહ સાહેબ દ્વારા સહકારી ચળવળ વધુ લોક ઉપયોગી તેમજ રાષ્ટ્ર નિર્માણમાં વધુ યોગદાન આપે તે માટેના સતત પ્રોત્સાહક પગલાં જેવાં કે પેકસ કોમ્પ્યુટરાઇઝેશન પેકસ મોડલ બાયલોઝની અમલવારી, સહકારી સંસ્થાઓના માધ્યમથી વિશ્વની સૌથી મોટી ધાન્ય સંગ્રહ શકિતનું નિર્માણ વગેરે લેવાઇ રહ્યા છે. જેનાથી આવનાર દિવસોમાં ખેડૂતો, દુધ ઉત્પાદકોને તેમજ ગ્રામીણ ભારતની કાયાપલટ અચુક થશે. એવી અમોને શ્રધ્ધા છે.

- બેંકની કુલ્લે થાપણોમાં રૂા. ૨૬૨.૭૨ કરોડનો વધારો થઇ રૂા. ૩૨૮૫.૧૪ કરોડની સર્વોત્તમ સપાટીએ પહોંચેલ છે. તેમાંય બેંકની કુલ્લે થાપણો રૂા. ૩૨૮૫.૧૪ કરોડ પૈકી રૂા. ૨૬૪૦.૭૬ કરોડ વ્યક્તિ થાપણો છે જે કુલ થાપણોના ૮૦.૩૯% થાય છે. જે સમગ્ર ગુજરાત રાજ્યની જિલ્લા બેંકોની કામગીરીમાં આપણી પરિસ્થિતિ ઉત્કૃષ્ટ દર્શાવે છે.
- બેંકના કુલ્લે ધિરાણો રૂા. ૧૮૩૮.૨૪ કરોડની સ્થિતિએ પહોંચેલ છે.
- વર્ષ દરમ્યાન પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનામાં ૭૪૦૫૫ બચત ખાતેદારોને રૂા. ૨/- લાખના જીવન વિમાથી સુરક્ષીત કરવામાં આવેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન ૨૯૪ ક્લેઇમ વિમા કંપનીને મોકલેલ તે પૈકી ૨૫૦ ક્લેઇમ પાસ થઇને આવેલ અને લગત ખાતેદારના વારસદારોને રૂા. ૨/- લાખ મુજબ કુલ રૂા. ૫ (પાંચ) કરોડનાં ક્લેઇમ ચૂકવાયેલ છે.
- વર્ષ દરમ્યાન પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજનામાં ૧૧૭૭૧૪ બચત ખાતેદારોને રૂા. ૨/- લાખના અકસ્માત વિમાથી સુરક્ષીત કરવામાં આવેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન ૯ ક્લેઇમ મંજુર થયેલ છે. જેની રકમ રૂા. ૧૮.૦૦ લાખ તેમના વારસદારોને ચૂકવેલ છે.
- વર્ષ દરમ્યાન અટલ પેન્શન યોજનામાં બેંક દ્વારા અજોડ કામગીરી કરવામાં આવતા સહકારી બેંકીંગમાં બેંક દ્વારા કુલ ૨૩૦૦૦ ખાતા ખોલવામાં આવેલ. આ યોજનાની ઉત્કૃષ્ટ કામગીરીને ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે પણ એન્યુઅલ એપીવાય એવોર્ડ ઓફ એક્સલેન્સથી સન્માનીત કરીને બિરદાવવામાં આવેલ છે.
- એન.પી.એ. ધિરાણોની વસુલાતમાં બેંકનું ગ્રોસ એન.પી.એ. ૧.૪૭% થયેલ છે તથા નેટ એન.પી.એ. ૦% (ઝીરો ટકા) થયેલ છે.

- અસરકારક નાણાંકીય આયોજન થકી બેંકે રૂા. ૧૮.૦૦ કરોડનો ચોખ્ખો નફો મેળવી સુંદર કામગીરી બજાવેલ છે.

- પર્સનલ એક્સીડેન્ટ વીમાનું જોખમ રૂા. ૫,૦૦,૦૦૦ કરેલ છે. જે ૧૩/૦૭/૨૦૨૨ થી ૧૨/૦૭/૨૦૨૩ ના સમયગાળા માટે અમલમાં મુકેલ હતી. જેમાં મંડળીમાંથી ધિરાણ લેતા સભાસદો, કમિટી સભ્યો અને કર્મચારી તથા બેંકમાંથી સીધા ધિરાણ લેતા નોમિનલ સભાસદો, બેંકના તમામ બોર્ડ ઑફ ડિરેક્ટર તથા બેંકના તમામ કર્મચારીઓને આવરી લેતી પર્સનલ એક્સીડેન્ટ વીમા પોલીસી ઇફ્કો ટોકીયો જનરલ ઇન્સ્યોરન્સ કંપની પાસેથી લેવામાં આવેલ છે. જેમાં વર્ષ દરમિયાન ૩૪ ક્લેઇમ નોંધાઇ તે પૈકી ૨૦ ક્લેઇમ મંજુર થતા રૂા. ૧ કરોડ વારસદારોને ચૂકવાયેલ છે અને ૨ ક્લેઇમ ''નો ક્લેઇમ'' થયેલ છે. જ્યારે ૧૨ ક્લેઇમ પ્રોસેસમાં છે. બેંકે વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઉપરોક્ત પોલીસી રીન્યુ કરેલ છે.

રીઝર્વ ફંડ અને બીજા ભંડોળો :-

કોઇપણ સંસ્થાની સદ્ધરતાનો આધાર તેના સ્વભંડોળો ઉપર છે. ગતવર્ષની આખરે રીઝર્વ ફંડ અને બીજા ફંડો મળી કુલ્લે ફંડો રૂા. ૨૫,૧૮૮.૩૩ લાખના હતા. વર્ષના અંતે રૂા. ૨૯૯૨૧.૬૦ લાખના થાય છે.

રીઝર્વ ફંડ અને બીજા ભંડોળોના છેલ્લા ચાર વર્ષના તુલનાત્મક આંકડા નીચે મુજબ છે.

(રૂા. લાખમાં)

ફંડો	૩૧-૩-૨૦૨૦	૩૧-૩-૨૦૨૧	૩૧-૩-૨૦૨૨	૩૧-૩-૨૦૨૩
રીઝર્વ ફંડ	૪૦૪૮.૮૧	૫૦૪૨.૧૬	૬૩૩૬.૩૩	૬૬૮૨.૫૪
બીલ્ડીંગ ફંડ	૭૨૮.૧૭	૭૫૩.૧૭	૭૮૮.૧૭	૮૨૮.૧૭
એગ્રી ક્રેડીટ સ્ટે. ફંડ	૨૩૦૩.૭૧	૨૫૩૪.૦૭	૨૭૮૨.૬૦	૩૦૫૩.૫૭
સ્પે. બેડડેબ્ટ રીઝર્વ	૧૦૧૮.૭૦	૧૧૭૯.૯૫	૧૩૫૨.૪૫	૧૫૩૯.૯૫
શકમંદ અને ડુબત લ્હેણા રીઝર્વ	૫૪૯૫.૯૫	૬૨૦૩.૨૦	૬૫૬૯.૯૦	૮૧૮૭.૯૫
ઇતર ફંડો	૪૭૯૬.૫૦	૫૫૨૪.૮૮	૭૩૫૮.૮૮	૯૬૨૯.૪૨
કુલ્લે	**૧૮૩૯૧.૮૪**	**૨૧૨૩૭.૪૩**	**૨૫૧૮૮.૩૩**	**૨૯૯૨૧.૬૦**

થાપણો :-

બેંકના વધા જતા કામકાજ સામે બેંકની થાપણો વધે તે ઘણું જ જરૂરી છે. ગત વર્ષ આખરે કુલ્લે થાપણો રૂા. ૩,૦૨,૨૪૨.૩૧ લાખની હતી. જ્યારે ૩૧-૦૩-૨૦૨૩ આખરે કુલ્લે થાપણો રૂા. ૩,૨૮,૫૧૪.૧૦ લાખ રહેવા પામેલ છે.

થાપણો, ધિરાણ અને વસુલાતએ બેંકની કામગીરીની પારાશીશી છે. છેલ્લા પાંચ દાયકાથી પણ વધુ સમયથી અવિરત કાર્યરત આપણી બેંક જિલ્લાની પ્રજામાં, સમગ્ર ખેડૂત આલમમાં, સહકારી સંસ્થાઓના હૈયામાં સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી

બેંક અને તેના કર્મચારીગણે એક આગવું સ્થાન ઉભું કર્યું છે. આજની તારીખે ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની થાપણો હાલમાં સહકારી બેકીંગ ક્ષેત્રે પ્રર્વતતી પ્રવાહી પરિસ્થિતિમાં પણ સતત વધી રહી છે. જે ખૂબ જ આનંદની વાત ગણી શકાય.

બેંકની થાપણોના છેલ્લા ચાર વર્ષના તુલનાત્મક આંકડા નીચે પ્રમાણે છે.

થાપણનો પ્રકાર	૩૧-૩-૨૦૨૦ (રૂ. લાખમાં)				૩૧-૩-૨૦૨૧ (રૂ. લાખમાં)			
	મંડળી		વ્યક્તિ		મંડળી		વ્યક્તિ	
	ખાતાની સંખ્યા	રૂ.	ખાતાની સંખ્યા	રૂ.	ખાતાની સંખ્યા	રૂ.	ખાતાની સંખ્યા	રૂ.
ચાલુ	૪૯૭૬	૧૩૫૫૮.૧૯	૭૮૫૨	૩૩૪૦.૩૧	૫૪૮૬	૧૫૪૦૨.૨૬	૮૧૨૩	૪૫૯૦.૯૭
કોલ	-----	-----	-----	-----	-----	-----	-----	-----
બચત	૫૯૩૯	૪૮૯૬.૧૯	૭૧૦૧૦૫	૯૦૩૩૭.૩૯	૬૩૬૮	૫૦૯૭.૩૪	૭૪૩૦૨૨	૧૦૯૬૨૫.૪૦
બાંધી મુદત	૩૦૧૦૪	૩૧૧૯૬.૪૦	૨૩૮૩૭૮	૮૫૮૮૩.૦૯	૩૫૬૩૪	૩૪૯૨૯.૦૩	૨૫૧૮૯૧	૯૬૯૩૩.૫૭
મુદતીય માસીક બચત	-----	-----	૧૨૦૦૭	૧૦૫૬.૬૭	-----	-----	૧૨૨૩૨	૧૧૧૧.૪૨
કુલ...	૪૧૦૧૯	૪૮૬૫૦.૭૮	૯૬૮૩૪૨	૧૮૦૬૧૭.૪૬	૪૭૪૮૮	૫૫૪૨૮.૬૩	૧૦૧૫૨૬૮	૨૧૨૨૬૧.૩૬
વર્ષ આખરે કુલ્લે				૨૨૯૨૬૮.૨૪				૨૭૬૬૮૯.૯૯

થાપણનો પ્રકાર	૩૧-૩-૨૦૨૨ (રૂ. લાખમાં)				૩૧-૩-૨૦૨૩ (રૂ. લાખમાં)			
	મંડળી		વ્યક્તિ		મંડળી		વ્યક્તિ	
	ખાતાની સંખ્યા	રૂ.	ખાતાની સંખ્યા	રૂ.	ખાતાની સંખ્યા	રૂ.	ખાતાની સંખ્યા	રૂ.
ચાલુ	૫૨૯૫	૧૭૪૮૩.૨૩	૮૭૩૦	૭૧૪૯.૩૬	૫૩૨૫	૧૮૬૦૧.૬૨	૯૪૦૭	૮૮૪૩.૪૩
કોલ	-----	-----	-----	-----	----	-----	-----	-----
બચત	૯૬૦૧	૪૯૪.૮૭	૭૯૩૯૧૯	૧૨૯૪૫૧.૯૧	૯૬૮૭	૪૯૬૨.૫૫	૮૩૯૧૨૫	૧૩૮૩૬૦.૩૬
બાંધી મુદત	૩૮૩૪૩	૩૫૮૧૩.૬૩	૨૬૮૩૦૪	૧૦૫૬૨૯.૧૨	૪૧૨૪૩	૩૭૯૫૬.૪૪	૨૮૭૫૬૭	૧૧૭૮૦૭.૬૮
મુદતીય માસીક બચત	-----	-----	૧૨૪૫૦	૧૨૨૦.૧૯	----	-----	૧૮૯૭૪	૧૯૮૧.૯૯
કુલ...	૫૩૨૩૯	૫૮૭૯૧.૭૨	૧૦૮૩૪૦૩	૨૪૩૪૫૦.૫૮	૫૬૨૫૫	૬૧૫૨૦.૬૨	૧૧૫૫૦૭૩	૨૬૬૯૯૩.૪૭
વર્ષ આખરે કુલ્લે				૩૦૨૨૪૨.૩૧				૩૨૮૫૧૪.૦૯

અત્રે ખાસ ઉલ્લેખ કરવાનો કે આ બેંકમાંથી પ્રત્યેક થાપણદારની રૂ. ૫,૦૦,૦૦૦/- સુધીની થાપણો વિમાથી રક્ષિત છે.

નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ તથા ગુજરાત રાજ્ય સહકારી બેંકમાંથી મેળવેલ કર્જ

પુનઃ ધિરાણ :-

ત્રિસ્તરીય માળખા દ્વારા પુરા પાડવામાં આવતા લાંબા ગાળાના ધિરાણોના કેન્દ્રમાં આ બેંક મહત્વનો ભાગ ભજવે છે. ખેતીવાડી, બાગાયત, પશુપાલન, જમીન સુધારણા, યાંત્રીકરણ, લઘુ સિંચાઇ યોજનાઓ, કૃષિ પેદાશોના સંગ્રહ જેવી પ્રવૃત્તિઓ **S.G.S.Y** તેમજ તેવા પ્રકારની અન્ય ખેતી અને ગ્રામ વિકાસની સહાયક યોજનાઓ હેઠળ નાબાર્ડમાંથી પુનઃધિરાણ મેળવી આ પ્રકારની પ્રવૃત્તિઓમાં લાંબાગાળાનું ધિરાણ મંડળીઓ મારફતે ખેડૂતોને પુરૂ પાડવાની મહત્વની પ્રવૃત્તિ આ બેંક દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

સને ૨૦૨૨-૨૦૨૩ના વર્ષમાં નાબાર્ડ દ્વારા ટુંકી મુદત ખેતી વિષયક (ઉત્પાદક) માટે રૂા. ૫૦.૦૦ કરોડ લોન મંજુર થયેલ છે. બેંક દ્વારા રૂા. ૫૦.૦૦ કરોડ લોનનો ઉપાડ કરેલ હતો. મધ્યમ મુદત લોનમાં પણ રૂા. ૧૨૮૧૩.૩૬ લાખનું રીફાયનાન્સ મેળવેલ છે. બેંક દ્વારા તા. ૩૧-૦૭-૨૦૨૨ ના રોજ રૂા. ૧૧૪૦.૯૧ લાખ અને તા. ૩૧-૦૧-૨૦૨૩ ના રોજ રૂા. ૧૪૫૭.૨૭ લાખ મળી તા. ૩૧-૦૩-૨૦૨૩ ના રોજ ૧૦૭.૯૮ લાખ. કુલ્લે રૂા. ૨૭૦૬.૧૬ લાખ ભરપાઇ કરેલ છે. વર્ષ આખરે મ. મુદત ધિરાણ રૂા. ૧૭૪૭૩.૨૯ લાખ બાકી રહેવા પામેલ છે.

બેંક દ્વારા નાબાર્ડમાંથી સીધા શોર્ટ ટર્મ મલ્ટી પરપઝ કેશક્રેડીટ લોનમાં રૂા. ૫૦.૦૦ કરોડ મંજુર કરેલ હતા. જે લોનનો ઉપાડ કરેલ હતો અને વ્યાજ સહીત ભરપાઇ કરેલ છે.

ગૌણ રાજ્ય ભાગીદારી નિધિ :-

નામદાર સરકારશ્રીના શેરફાળા પેટે કુલ્લે ૯૭ મંડળીઓ પાસે ગત વર્ષની આખરે રૂા. ૩૮,૯૪,૪૯૦.૦૦ ની રકમ બાકી રહે છે.

મકાનો અને લોકર્સની વ્યવસ્થા :-

બેંકની ૩૦ શાખાઓના સ્થળે પોતાની માલિકીના મકાનો છે. બેંકની ૪૯ શાખાઓમાં લોકર્સની વ્યવસ્થા કરેલ છે. લોકર્સની વ્યવસ્થાવાળી શાખાઓ (૧) હિંમતનગર (૨) ખેડબ્રહ્મા (૩) ઇડર (૪) બાયડ (૫) સાઠંબા (૬) ચોરીવાડ (૭) જાદર (૮) કડીયાદરા (૯) વિજયનગર (૧૦) મોડાસા (૧૧) વડાલી (૧૨) ધનસુરા (૧૩) માલપુર (૧૪) પ્રાંતિજ (૧૫) ભિલોડા (૧૬) રાયગઢ (૧૭) સલાલ (૧૮) બડોલી (૧૯) મોયદ (૨૦) લક્ષ્મીપુરા (૨૧) તલોદ (૨૨) મેઘરજ (૨૩) નવા રેવાસ (૨૪) નેત્રામલી (૨૫) ગાંઠીયોલ (૨૬) ફીંચોડ (૨૭) ગોરલ (૨૮) સોસાયટીનગર (૨૯) ડેમાઇ (૩૦) મુનાઇ (૩૧) મુડેટી (૩૨) ચિત્રોડા (૩૩) આકરૂન્દ (૩૪) શામળાજી (૩૫) ગાબટ (૩૬) તાજપુર (ઓ.) (૩૭) ભૂતિયા (૩૮) ખેડ (૩૯) વડાગામ (૪૦) નિકોડા (૪૧) જામળા (૪૨) કાનપુર (૪૩) ઘડકણ (૪૪) ગાંભોઇ (૪૫) વીરપુર (૪૬) વસાઇ (૪૭) મેઢાસણ (૪૮) જુમસર (૪૯) પાનોલ (૫૦) મેસણ

કોર બેંકિંગ સોલ્યુશન :-

બેંકના ગ્રાહકોને આધુનીક બેંકિંગ સુવિધાઓનો લાભ મળે તથા ભારત સરકારની ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સબસીડી યોજનાઓનો લાભ જિલ્લાના ગ્રાહકોને આપણી બેંક મારફત મળી રહે તે નજર સમક્ષ રાખી બેંક દ્વારા નાબાર્ડ દ્વારા નકકી થયેલ

ટી.સી.એસ. કંપની સાથે એગ્રીમેન્ટ કરી કોર બેંકિંગની સુવિધા શરૂ કરેલ છે. બેંકની તમામ શાખાઓ કોર બેંકિંગ સોલ્યુશન હેઠળ કામ કરે છે.

બેંકના ગ્રાહકોને ''એની બ્રાન્ચ'' બેંકિંગની સુવિધા પણ શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે આપણી બેંકની કોઇપણ શાખાનો ચેક કોઇપણ શાખામાં વિના કમીશને ટ્રાન્સફર કરી આપવામાં આવે છે. આ સિવાય નોનહોમ બ્રાન્ચમાં રૂા. ૧,૦૦,૦૦૦.૦૦ સુધી કેશ જમા તેમજ રૂા. ૫૦,૦૦૦.૦૦ સુધી કેશ ઉપાડ પણ નિયમોને આધિન રહીને કરવાની સગવડ શરૂ કરવામાં આવેલ છે. ગ્રાહકોને પોતાના ખાતામાં થયેલ લેવડ-દેવડની બેલેન્સ સાથે માહિતી મળી રહે તે માટે **"SMS Alert"** ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે તેમજ ૮૧૩૦૬૯૫૦૫૦ મોબાઇલ નંબર ઉપર મીસ્કોલ કરવાથી ગ્રાહકના ખાતામાં બેલેન્સની માહિતી **SMS** દ્વારા જાણી શકાય છે. જે ગ્રાહકોએ પોતાના મોબાઇલ નંબર શાખામાં ન આપેલ હોય તેમણે અરજી સાથે તાત્કાલિક લગત શાખામાં મોબાઇલ નંબર આપી દેવા જેથી આ સુવિધાનો લાભ મળતો થાય. બેંક દ્વારા આધારબેઝ **LPG** સબસીડીનું ગ્રાહકોને પેમેન્ટ બેંક ભારત સરકારના **PFMS** પોર્ટલ ઉપર લાઇવ હોઇ સરકારશ્રીની તમામ સહાયો લાભાર્થીના ખાતામાં સીધી જમા થાય છે. **ECS** ઇલેક્ટ્રોનીક ક્લીયરીંગ સીસ્ટમ, **IMPS** ઇમીડીયેટ પેમેન્ટ સીસ્ટમ **Mobile Banking** તથા નેટ બેંકીંગ ફાયનાન્સીયલ જેવી સુવિધાઓ ગ્રાહકો માટે શરૂ કરવામાં આવેલ છે.

PACS કોમ્પ્યુટરાઇજેશન યોજના :

કેન્દ્ર સરકારશ્રીની મીનીસ્ટ્રી ઓફ કો.ઓપ. ડીપાર્ટમેન્ટ દ્વારા તા. ૦૮/૧૧/૨૦૨૧ ના રોજ વિડીયો કોન્ફરન્સમાં થયેલ ચર્ચા અનુસાર ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંક લી, અમદાવાદ ના જાવક નં. ડેવ/૬૩/૧૧૨ તા. ૧૦/૧૧/૨૦૨૧ ના પત્ર મુજબ **PACS** કોમ્પ્યુટરાઇઝેશન યોજનાનો અમલ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તથા નાબાર્ડ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવનાર છે.

નામદાર કેન્દ્ર સરકારશ્રીની **PACS** કોમ્પ્યુટરાઇઝેશન યોજનાને અમલવારી બેંક દ્વારા થતાં હાલની સ્થિતિ એ બેંક સાથે સંયોજિત ૬૫૧ સેવા મંડળીઓ પૈકી ૬૧૩ મંડળીઓ પોર્ટલ પર ઓનબોર્ડ થયેલ છે અને **FHR** ની કામગીરી પણ પૂર્ણ થયેલ છે. તે પૈકી ૫૩૫ મંડળીઓની રજીસ્ટ્રાર કચેરી દ્વારા એપ્રૂવ કરેલ છે જ્યારે **FVR** ની કામગીરી પૂર્ણ થયેલ છે.હાલમાં સીસ્ટમ ઇન્ટીગ્રેટર દ્વારા ડેટા માઇગ્રેશનની કામગીરીની શરૂઆત કરેલ છે.

(૧) ''ડીજીટલ ઈન્ડીયા'' : ના નવિન અભિગમમાં બેંકનું યોગદાન

ATM/Micro ATM/ATM VAN સેવા :

વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન બેંકના ગ્રાહકોને આધુનીક બેંકિંગ સુવિધાઓ આપવાના ભાગ રૂપે. **ATM** સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. હાલમાં બેંકની ૩૫ શાખાઓ હિંમતનગર, ઇડર, વડાલી, ખેડબ્રહ્મા, ભિલોડા, વિજયનગર, મોડાસા, પ્રાંતિજ, તલોદ, બાયડ, માલપુર, ધનસુરા, મેઘરજ, સાઠંબા, ડેમાઇ, ગાબટ, આકરૂન્દ, સલાલ, વડાગામ, રાયગઢ, ગાંભોઇ, ખેડ, ચિત્રોડા, લક્ષ્મીપુરા, ચોરીવાડ, કડીયાદરા, ગોરલ, નવા રેવાસ, બડોલી, ફીચોડ, જાદર, સોસાયટીનગર, આંતરસુબા (આશ્રમ), મુનાઇ, સાબરડેરીમાં **ATM** કાર્યરત છે. જેના દ્વારા ગ્રાહકોને વધુ સારી સેવાઓ બેંક દ્વારા આપવામાં આવી રહેલ છે. તદ્ઉપરાંત બેંક દ્વારા બે **ATM VAN** પણ કાર્યરત કરવામાં આવેલ છે. જે ગ્રામ્ય વિસ્તારોમાં કેશની સગવડ પુરી પાડે છે.

ગ્રાહકોને પોતાના ગામમાં જ તમામ બેંકિંગ સુવિધાઓ મળી રહે તેવા પ્રયાસ રૂપે બેંક દ્વારા **Micro ATM** સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલછે. જે માટે સાબરકાંઠા/અરવલ્લી જિલ્લાની સેવા / દૂધ મંડળીઓને **BC** (બેંકિંગ કોરસપોન્ડન્ટ) બનાવવામાં આવેલછે. જેના દ્વારા ગ્રામ્ય પ્રજાને ઘેર બેઠા બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. જેના દ્વારા ગ્રાહકો કેશ જમા/ઉધાર તેમજ ટ્રાન્સફર તેમજ બેલેન્સ ઇન્કવાયરી પણ કરી શકે છે. નાબાર્ડ દ્વારા આવા ૪૧૫ **Micro ATM** બેંકને મંજુર કરવામાં આવેલ છે. જેનો બહોળો લાભ લેવા બેંકના ગ્રાહકો તથા મંડળીઓને અનુરોધ છે.

RUPAY PLATINUM CARD INSURANCE SCHEME :

બેંક દ્વારા જે **Rupay Platinum Card** આપવામાં આવેલ છે. જેના દ્વારા જો ૩૦ દિવસમાં **E-Commerce Transection** કરેલ હોય તો જ રૂ. ૨,૦૦,૦૦૦/- ના અકસ્માત વિમાનો લાભ **NPCI** દ્વારા તદ્ન ફ્રી આપવામાં આવે છે. (કેશ ટ્રાન્ઝેકશન પર લાભ મળવાપાત્ર નથી.) વર્ષ દરમિયાન એક ગ્રાહકનો ક્લેઇમ આવેલ હતો જે મંજુર થતા વારસદારને રૂ. ૨,૦૦,૦૦૦/- જમા આપવામાં આવેલ છે.

એન્યુઅલ ક્રેડીટ પ્લાન :

રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાની માર્ગદર્શક સુચનાઓ મુજબ સર્વિસ એરીયા એપ્રોચ અંતર્ગત સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ માટે સમગ્ર સાબરકાંઠા જિલ્લાનો રૂ. ૫૯૭૨૭૦ લાખના ક્રેડીટ પ્લાન સામે આપણી બેંકનો લક્ષ્યાંક રૂ. ૯૭૫૦૦.૮૫ લાખનો હતો તથા અરવલ્લી જિલ્લાના રૂ. ૩૧૮૧૭૬ લાખના ક્રેડીટ પ્લાન સામે આપણી બેંકનો લક્ષ્યાંક રૂ. ૫૬૬૮૭.૬૧ લાખનો હતો. જે સામે બેંકે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લક્ષ્યાંક સિદ્ધ કરેલ છે.

ધિરાણ :

બેંક દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ખેડૂતોને સેવા સહકારી મંડળી મારફતે કે.સી.સી. ઉપરાંત ખેતી, ખેતી આનુસાંગીક પ્રવૃત્તિઓ તેમજ બીન ખેતી હેતુઓ માટે ધિરાણ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ખેડૂતો સીવાયના અન્ય વ્યક્તિઓ નોકરીયાતો, ધંધાદારી વ્યક્તિઓ, વેપારીઓ વિગેરે બેંકના નોમીનલ સભાસદ બનાવી તેઓની જરૂરીયાત પ્રમાણેની લોન તથા કેશ ક્રેડીટ આપવામાં આવે છે. વધુમા સહકારી સંસ્થાઓને પણ તેઓની જરૂરીયાત મુજબ કેશ ક્રેડીટ તથા હેતુલક્ષી ધિરાણ બેંક દ્વારા પુરુ પાડવામાં આવે છે. બેંકની વિવિધ ધિરાણ યોજનાઓની ટુંકમાં માહિતી નીચે મુજબ છે.

(૧) કે.સી.સી. ધિરાણ :

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ધિરાણ મેળવતી કુલ ૬૧૦ સેવા સહકારી મંડળીઓના લગભગ ૮૪,૪૦૦ ખેડૂતોને પાકના વાવેતરથી લણણી સુધીના ખર્ચ માટે બેંક દ્વારા પાક ધિરાણ મંજુર કરવામાં આવેલછે. જેમાં ૩ લાખ સુધીનું ધિરાણ મંડળીઓને ૫.૫% તથા ખેડૂતોને ૭% ના નજીવા વ્યાજ દરે પુરુ પાડવામાં આવે છે. તેમાં પણ નિયમિત વસુલાત આપનાર ખેડૂતોને ૩% કેન્દ્ર સરકાર તથા ૪% રાજ્ય સરકારશ્રી તરફથી વ્યાજ રાહત મળે છે.

વધુમાં જિલ્લાના પશુપાલકો/માછીમારો/મરઘા પાલકોને પણ કે.સી.સી. ધિરાણ મળી રહે તે માટે બેંકે યોજના બનાવેલ છે. સદર યોજના હેઠળ અરજદારને ૭% એ જ્યારે મંડળીને ૬% એ લોન મળવાપાત્ર છે.

કે.સી.સી.ડી.એમ.આર. પદ્ધતિ :

બેંકે શરૂઆતથી જ નાબાર્ડની ગાઇડલાઇન મુજબ પાક ધિરાણ માટે કે.સી.સી. પદ્ધતિ અપનાવેલ છે. તેમાં ૦૧-૦૪-૨૦૧૭ થી ડી.એમ.આર. પદ્ધતિથી કે.સી.સી. ધિરાણ આપવાનું શરૂ કરેલ છે. કે.સી.સી. ડી.એમ.આર. પદ્ધતિમાં ખેડૂતનું કે.સી.સી. ખાતું બેંકમાં ખોલવામાં આવે છે જેથી ખેડૂત તેની મંજુર થયેલ કે.સી.સી. શાખમાંથી બેંકમાંથી સીધો વ્યવહાર કરી શકે છે. વધુમાં ખેડૂત તેની પસંદગીના બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વિગેરે ખરીદી શકે અને તેનું ચુકવણું રોકડ વિના પણ કરી શકે તે માટે બેંક દ્વારા કે.સી.સી. ધિરાણ મેળવતા ખેડૂતોને **Rupay KCC Card** આપવામાં આવેલ છે.

કન્ઝમ્પશન ધિરાણ :

ખેડૂતોએ તેઓની પાક સીઝન દરમ્યાન અન્ય વપરાશ માટેની જરૂરીયાતને પહોંચી વળવા બેંક દ્વારા કન્ઝમ્પશન ધિરાણ પુરુ પાડવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા રૂા. ૬૪૩૧.૬૯ લાખ કન્ઝમ્પશન ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

(૨) સ્વરોજગાર ક્રેડીટ કાર્ડ હેઠળ કારીગર ધિરાણ :

ખેતી વિષયક મંડળીઓના ગ્રામ્ય કારીગરો જેવા કે સુથાર, લુહાર, માટીકામના કારીગરો, ચણતરના કારીગરો, મોચી, દરજી, સોની વિગેરેને તેઓના ધંધા માટે સાધનો તથા કાચા માલની જરૂરીયાત માટેની મુડી મંડળી મારફતે મળી રહે અને તેઓ સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી બેંક દ્વારા આવા ગ્રામ્ય કારીગરોને રૂા. ૭૫,૦૦૦/- સુધીનું ધિરાણ એક વર્ષની મુદત માટે આપવામાં આવે છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના આવા ૩૯૫૦ ગ્રામ્ય કારીગરોને સ્વરોજગાર ક્રેડીટ કાર્ડ યોજના હેઠળ રૂા. ૨૪૧૭.૭૦ લાખનું કારીગર ધિરાણ આપવામાં આવેલ છે.

(૩) મધ્યમ મુદત ધિરાણો :-

નાબાર્ડ તરફથી ખેતીવિષયક મ.મુ. ધિરાણો માટે નક્કી થયેલ યુનિટ કોસ્ટ મુજબ, ઉપરાંત વધુ જરૂરીયાત માટે પ્લાન એસ્ટીમેટ આધારે સભાસદના નાણા પરત કરવાની શક્તિ, મંડળીની આર્થિક સ્થિતિ તથા તેનો વહીવટ વિ. ને ધ્યાનમાં લઇ જે તે ખેતી મંડળીના સભાસદોને ખેતી વિષયક મધ્યમ મુદત તથા પ્રોજેક્ટ લેન્ડીંગ હેઠળ મંડળી મારફતે નીચે પ્રમાણેના હેતુઓ માટે ધિરાણ કરવામાં આવે છે.

૧) નાની સિંચાઇના હેતુઓ માટે :-

આ ધિરાણ નાબાર્ડ તરફથી નક્કી થતી વખતો વખતની યુનિટ કોસ્ટ મુજબ કરવામાં આવે છે. છતાં કોઇ સંજોગો આધિન આ કામ પાછળ યુનિટ કોસ્ટ કરતાં વધુ ખર્ચ થાય તેમ હોય તો તે અંગેનો પ્રોજેક્ટ રીપોર્ટ ખેડૂત સભાસદ

તરફથી રજુ થયેથી તેની યાંત્રિક તથા આર્થિક ક્ષમતા ધ્યાનમાં લઇ પ્રોજેકટના કુલ ખર્ચના ૮૫ ટકા સુધી ધિરાણ મંજુર કરવામાં આવે છે.

નાની સિંચાઇ હેઠળ નવિન કુવા માટે, ઓઇલ એન્જીન/ ડીઝલ પંપ સેટ, ઇલેક્ટ્રીક મોટર પંપ સેટ, જમીન ઉપરથી બોર, સબમર્સીબલ પંપ સેટ માટે ૯ વર્ષના પિરીયડ માટે ધિરાણ કરવામાં આવે છે. જ્યારે જુનો કુવો ઊંડો કરવા / રીપેર કરવા / કુવામાં ઉભા બોર માટે, સ્પ્રિંકલર પદ્ધતિથી પિયત માટે, ડ્રીપ ઇરીગેશન માટે, પંપ હાઉસ ઓરડી માટે, પાઇપ લાઇન માટે, ખેત તલાવડી, વૉટર સ્ટોરેજ ટેન્ક માટે ૫ વર્ષના પિરીયડ માટે ધિરાણ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન નાની સિંચાઇના હેતુ માટે બેંક દ્વારા રૂા. ૧૨૪૦.૨૯ લાખ નું ધિરાણ મંજુર કરેલ છે.

૨) ડેરી ડેવલપમેન્ટ માટે :-

બેંક દ્વારા ગાય, ભેંસની ખરીદી માટે, કેટલ શેડ બનાવવા માટે તથા ઘાસચારો ખરીદવા માટે ૫ થી ૭ વર્ષના રીપેમેન્ટ પિરીયડ થી ધિરાણ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા ડેરી ડેવલપમેન્ટ માટે રૂા. ૧૨૬૯૨.૦૪ લાખ નું ધિરાણ મંજુર કરેલ છે.

૩) બળદ/બળદગાડા માટે :-

બેંક દ્વારા બળદ/બળદગાડા ની ખરીદી માટે ૫ વર્ષના રીપેમેન્ટ પિરીયડ થી ધિરાણ કરવામાં આવે છે.

૪) ટામેટા/વાલોરના માંડવા માટે ધિરાણ :-

બેંક દ્વારા ટામેટા / વાલોરના માંડવા માટે ૫ વર્ષના રીપેમેન્ટ પિરીયડથી ધિરાણ કરવામાં આવે છે.

૫) જમીન સુધારણા માટે :-

બેંક દ્વારા સદર હેડ નીચે જમીન લેવલીંગ તથા ફેન્સીંગ માટે ધિરાણ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન સદર હેડ નીચે રૂા. ૨૫૫૪.૩૦ લાખનું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

૬) ફાર્મ મીકેનાઇઝેશન હેઠળ ધિરાણ :-

બેંક દ્વારા સદર હેડ નીચે ટ્રેક્ટર, ટ્રેલર, થ્રેસર તથા તેના આનુસાંગીક સાધનો માટે, જે.સી.બી. માટે, ૯ વર્ષના હપ્તેથી ધિરાણ કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન સદર હેડ નીચે રૂા. ૨૨૧.૧૯ લાખનું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

૭) કોમર્શીયલ હોર્ટીકલ્ચર માટે ધિરાણ :-

બેંક દ્વારા સદર હેડ નીચે પાંચ વર્ષ વાર્ષિક હપ્તેથી વર્ષ દરમ્યાન રૂા. ૪૨.૫૦ લાખ નું ધિરાણ મંજુર કરેલ છે.

૮) પોલ્ટ્રી ફાર્મ :-

પોલ્ટ્રી ડેવલપમેન્ટ યોજનામાં બોઇલર ફાર્મીંગ, લેયર, ફાર્મીંગ અને હેચરી માટે નાબાર્ડની ગાઇડલાઇન મુજબ લાભ આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે તે અંતર્ગત પોલ્ટ્રી ટર્મ લોન અને વર્કીંગ કેપીટલ લોન જેવા હેતુઓ આવરેલ છે.

૯) સાબર ફાર્મ મેઇન્ટેનન્સ યોજના હેઠળ ધિરાણ :-

બેંક દ્વારા સદર હેડ નીચે પાંચ વર્ષના વાર્ષિક હપ્તેથી સેવા મંડળીઓ થકી બેંક સાથે જોડાયેલા અને મંડળીમાંથી ધિરાણ મેળવી નિયમીત વસુલાત આપતા ખેડૂતોને લોન આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન રૂા. ૩૯૦૯.૭૩ લાખનું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

૧૦) સાબર કૃષિ તત્કાલ લોન :-

બેંક દ્વારા સદર યોજના અંતર્ગત ૫ થી ૭ વર્ષના હપ્તેથી વર્ષ દરમ્યાન રૂા. ૫૦૦.૭૬ લાખનું ધિરાણ મંજુર કરવામાં આવેલ છે.

૧૧) પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (પેક્સ) માટે ખેત પેદાશોના સંગ્રહ કરવા નવા ગોડાઉનો બનાવવા માટેની રાજ્ય સરકારશ્રીની સહાયવાળી યોજના :-

રાજ્યમાં વૈજ્ઞાનિક સંશોધન, કૃષિ મહોત્સવ, ખેડૂતોને તાલીમ શીબીર તેમજ આધુનીક ખેત પદ્ધતિના ઉપયોગના કારણે ખેત ઉત્પાદનમાં વિપુલ પ્રમાણમાં વધારો થયેલ છે. પરંતુ ખેત ઉત્પાદનમાં વધારો થવાની સાથે વૈજ્ઞાનિક ઢબે ખેત ઉત્પાદન સંગ્રહશક્તિમાં તે પ્રમાણમાં વધારો થઇ શકેલ નથી. તેના પરિણામે ખેડૂતોએ ઉત્પન્ન કરેલ ખેત ઉત્પાદનનો બગાડ થાય અથવા સડી જાય અને ખેડૂતોને નુકશાન સહન કરવું પડે અથવા ચાલુ બજારે ખેત ઉત્પાદન વેચી દેવુ તેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. જો ખેડૂતોને મંડળી મારફતે સ્થાનિક કક્ષાએ પુરતા પ્રમાણમાં વૈજ્ઞાનિક ઢબે ખેત ઉત્પાદન સંગ્રહ કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે તો તેઓને ખેત ઉત્પાદનના યોગ્ય બજારભાવ મળે ત્યાં સુધી સંગ્રહ કરી શકે અને વેરહાઉસીંગ રીસીપ્ટ ઉપર ધિરાણ મેળવી શકે અને તેમના ખેત ઉત્પાદનના વ્યાજબી ભાવ પણ મળી શકે આમ સદર હકીકતને ધ્યાને લઇ રાજ્યમાં પેક્સ દ્વારા રાજ્યના ખેડૂતોને ખેત ઉત્પાદન સંગ્રહ કરવા માટે વૈજ્ઞાનિક ઢબે ગોડાઉન બનાવી સવલત ઉભી કરવા માટેની વર્ષ ૨૦૧૭-૨૦૧૮ યોજના અંતર્ગત ગોડાઉનની કામગીરી પૂર્ણ થયેલ છે તથા વર્ષ ૨૦૧૮-૨૦૧૯, ૨૦૨૦-૨૦૨૧, ૨૦૨૧-૨૦૨૨ અને ૨૦૨૨-૨૦૨૩ માં ગોડાઉન બનાવવા માગતી મંડળીઓની વિગત સરકારમાં મંજુરી માટે મોકલી આપેલ છે. જેની મંજુરી હજુ સુધી મળેલ નથી. મંજુરી મળેથી લગત મંડળીને અત્રેથી જાણ કરવામાં આવશે.

૧૨) દૂધાળા ઢોર ખરીદવા માટેની ''સ્વરોજગાર ડેરી ફાર્મ લોન'' (૧૨ દૂધાળા પશુ માટેની) યોજના બાબત :-

ગુજરાત સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગાંધીનગરના પત્ર નં. પઘન/ગસક-૨/૧૨૬૩/૨૦૧૮ તા. ૨૨-૪-૨૦૧૮ થી સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુની ડેરી ફાર્મ લોન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે સંબંધમાં પશુપાલકો/ખેડૂતો/દૂધ મંડળીની માંગણીને ધ્યાનમાં રાખી બેંકની તા. ૧૭-૦૫-૨૦૧૮ ના રોજની એક્ઝીક્યુટીવ કમીટીના ઠરાવ નંબર ૨ (ડી) થી વ્યક્તિગત દૂધાળા ઢોર માટેની સ્વરોજગાર ડેરી ફાર્મ લોન યોજના બેંકે અમલમાં મૂકેલ છે. સદર યોજના હેઠળ સહાય માટે પશુ ખરીદી ડેરી ફાર્મનું બાંધકામ, પશુ વિમો આ ત્રણ કોમ્પોનન્ટ ફરજીયાત હતા. આ ઉપરાંત ઇલેક્ટ્રીક ચાફ કટર, મીલ્કીંગ મશીન તથા ફોગર સીસ્ટમ સામે સહાય મળવાપાત્ર હતી. વર્ષ દરમ્યાન બેંક દ્વારા ૩૨ અરજદારોને રૂા. ૨,૮૨,૦૦,૦૦૦/- ની લોન મંજુર કરેલ છે.

૧૩) સોલાર રૂફટોપ લોન યોજના :-

સૂર્ય ગુજરાત (સોલાર રૂફટોપ) લોન યોજના અંતર્ગત વ્યક્તિગત રહેણાંક માટે / મંડળીઓ / સંસ્થાઓને સોલાર વસાવવા માટે મહત્તમ ૫ વર્ષની મુદતથી વ્યક્તિગત ૧૧.૦૦% ના દરે કુલ કિંમતમાંથી મળવાપાત્ર સબસીડીની રકમ બાદ કર્યા પછી તે આધારે બાકી રહેતી રકમના ૮૫% સુધી રૂા. ૩ (ત્રણ) લાખની મર્યાદામાં લોન આપવામાં આવેલ છે. તેમજ મંડળી / સંસ્થાઓને ૧૦.૦૦% ના દરે સબસીડી બાદ થતાં નેટ કિંમત મુજબની રકમના ૮૫% અથવા વધુમાં વધુ ૮ લાખ સુધીની મર્યાદા નક્કી કરેલ છે. વર્ષ દરમ્યાન બેંક કુલ ૨૪૫ લોન કેસના રૂા. ૩૩૫.૩૯ લાખ મંજુર કરેલ છે. વધુમાં સૂર્ય ઉર્જાનો ઉપયોગ મહત્તમ થઇ શકે તે હેતુથી સદર યોજનામાં વ્યાજદરનો ઘટાડો કરી તા. ૦૧/૦૫/૨૦૨૩ થી મંડળીને ૯.૫૦% અને સીધા વ્યક્તિગત ધિરાણમાં ૧૦.૫૦% નો વ્યાજ દર નક્કી કરેલ છે. જેમાં વ્યક્તિગત સીધા ધિરાણમાં મર્યાદા રૂા. ૫ (પાંચ) લાખ છે. અને મંડળી મારફતે ધિરાણમાં રૂા. ૧૫ (પંદર) લાખ કરેલ છે.

૧૪) વાહન ખરીદવા માટે વાહન લોન :-

(મોટર સાયકલ, સ્કૂટર, ટેમ્પો, કાર, મેટાડોર, જીપ, લોડીંગ રીક્ષા વિગેરે માટે)

વાહનની ઓનરોડ કિંમતના ૭૫ થી ૮૫ ટકા સુધીની લોન ૩ થી ૭ વર્ષ રીપેમેન્ટ પિરીયડ માટે આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા રૂા. ૧૩૭.૯૫ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે.

૧૫) ફાર્મ હાઉસ / ઘર બનાવવા માટે :-

સેવા મંડળીના નિયમિત વસુલાત આપતા સભાસદને ફાર્મ હાઉસ બાંધકામના કુલ ખર્ચના ૭૫% અને વધુમાં ૫ (પાંચ) લાખ સુધીનું ધિરાણ ૧૦ વર્ષના વાર્ષિક હપ્તેથી આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા ૬૪૬.૧૦ લાખનું ધિરાણ ફાર્મ હાઉસ માટે આપવામાં આવેલ છે.

મંડળીના નિયમિત વસુલાત આપતા સભાસદોને તેઓના બીનખેતી પ્લોટ ઉપર મકાન બનાવવા ગ્રામ્ય ક્ષેત્રે રૂા. ૧૦ (દસ) લાખ સુધીનું ધિરાણ મંજુર કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા રૂા. ૧૦ (દસ) લાખનું ધિરાણ મકાન બનાવવા માટે મંજુર કરવામાં આવેલ છે.

૧૬) મંડળીઓના સભાસદોને તેમના બાળકોના ઉચ્ચ અભ્યાસ જેવા કે મેડીકલ, એન્જીનીયરીંગ તથા ફાર્મસીના અભ્યાસક્રમ માટે આપવામાં આવતું મ.મુ. ધિરાણ :-

આવું ધિરાણ અભ્યાસક્રમની મુદત આધારીત આપવામાં આવે છે.

૧. ભારતમાં તેમજ વિદેશમાં અભ્યાસ માટે મહત્તમ રૂા. ૨૦/- લાખ. અભ્યાસક્રમના વર્ષ પ્રમાણે દર વર્ષે ઉપાડ આપવામાં આવે છે.

૨. અભ્યાસક્રમ પુરો થયા પછીના વર્ષથી પાંચ વાર્ષિક હપ્તાથી વસુલાત ભરવાની હોય છે. જમીન મર્યાદા ઓછામાં ઓછી ૫ એકર પીયત જમીન.

વર્ષ દરમ્યાન મંડળી મારફતે ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૧૨૮.૮૦ લાખ ધિરાણ મંજુર કરેલ છે.

૧૭) સેવા મંડળીઓ / દૂધ મંડળીઓ / અન્ય સહકારી સંસ્થાઓને :-

૧. **તેમના ગોડાઉન / ઓફીસ બાંધકામ માટે મધ્યમમુદત ધિરાણ :**

એસ્ટીમેટના ૭૫ ટકા સુધી રીપેમેન્ટ પીરીયડ ૭ વર્ષ

૨. **ગ્રામીણ ભંડારણ યોજના હેઠળ સેવા મંડળીઓને ગોડાઉન લોન :** રીપેમેન્ટ પીરીયડ ૧૦ વર્ષ

ભારત સરકાર પુરસ્કૃત **AMI** યોજના હેઠળ નાબાર્ડની ગાઇડ લાઇન મુજબ સહાયની ઉપલબ્ધીના ધોરણે સેવા મંડળીઓને નવિન ગોડાઉન બાંધકામ તથા રીનોવેશ માટે એસ્ટીમેટના ૭૫ ટકા સુધીનું ધિરાણ આપવામાં આવે છે. નાબાર્ડ દ્વારા સદર યોજના માર્ચ ૨૦૨૬ સુધી લંબાવેલ છે.

૩. **દૂધ મંડળીઓને ગોડાઉન / મીલ્કો ટેસ્ટર / કોમ્પ્યુટર માટે :**

ક્વૉટેશનના ૭૫ ટકા સુધીનું ધિરાણ મળવાપાત્ર છે.

૪. **મીનરલ વૉટર પ્લાન્ટ :**

મંડળીઓને મીનરલ વૉટર પ્લાન્ટ માટે કુલ ખર્ચના ૮૫ ટકા સુધી ધિરાણ આપવામાં આવે છે.

૧૮) સેવા સહકારી મંડળીઓને વિવિધ હેતુઓ માટે Pacs As Msc યોજના અંતર્ગત આપવામાં આવતી લોન :-

નાબાર્ડ ના તા. ૭-૯-૨૦૨૦ ના પરિપત્ર નં. **NB-DOR/1715 TO 1733/Pacs-Msc/2020-21** થી સેવા સહકારી મંડળીઓને મલ્ટી સર્વિસ સેન્ટર **(Msc)** તરીકે વિકસીત કરવા **Pacs As Msc** યોજના અંતર્ગત મંડળીઓને લોન મંજુર કરવામાં આવે છે. બેંક દ્વારા વર્ષ દરમ્યાન એગ્રો શોટીંગ મશીન, મકાઇ ભરડા પ્લાન્ટ, એગ્રો સ્ટોરેજ ગોડાઉન, કિસાન મોલ, કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે ૪ ટકા વ્યાજના દરથી કુલ ૧૦ મંડળીઓને ૮૮૫.૫૨ લાખનું ધિરાણ મંજુર કરેલ છે. જેમાં નાબાર્ડ દ્વારા ૩ ટકા ઇન્ટરેસ્ટ સબવેન્શન મંડળીઓને આપવામાં આવે છે.

૧૯) સેવા મંડળીઓને / ખરીદ વેચાણ સંઘને / સહકારી જીનોને :-

૧. કૃભકોના શેર ખરીદવા માટે રૂા. ૫/- લાખ.

૨. ઇફકોના શેર ખરીદવા માટે રૂા. ૯/- લાખ.

શેર ખરીદવા માટે ૧૦ ટકાના માર્જીનની ૯૦ ટકા સુધી એટલે કે રૂા. ૧૦૦ ના શેર ખરીદવા રૂા. ૯૦ પ્રમાણે રૂા. ૯ લાખ સુધીની લોન મંજુર કરવામાં આવે છે. (ખાસ કરીને ઉત્તમ કામગીરી વાળી આર્થિક રીતે સદ્ધર સારી વસુલાતવાળી મંડળીઓને) રીપેમેન્ટ પીરીયડ ૭ વર્ષ.

૩. સેવા મંડળીઓને તેમના ચાલુ ખાતા ઉપર ઓવર ડ્રાફ્ટ :

આ સગવડ ખાસ કરીને ફડચા હેઠળની મંડળીઓને કાયદાકીય કામગીરી સારૂ આપવામાં આવે છે.

૪. મંડળીઓ / વ્યક્તિઓને વિવિધ પ્રવૃત્તિઓ માટે ગેરંટી આપવામાં આવે છે. (મુદત ૧ વર્ષ માટે કમીશન સેકડે રૂા. ૧/- લઇને)

વ્યક્તિગત નોમીનલ સભાસદ બનાવી આપવામાં આવતુ સીધુ, બિનખેતી મધ્યમ મુદત ધિરાણ

(૧) નવીન વાહન ખરીદવા માટે :-

વાહન લોન (સ્કૂટર, મોટર સાયકલ, ટેમ્પો, મેટાડોર, મોટર, જીપ, લોડીંગ રીક્ષા વિગેર માટે) નિયમિત આવક ધરાવતા તથા ઇન્કમટેક્ષ રીટર્ન ભરતા વ્યક્તિઓ માટે ઓન રોડ કિંમતના ૮૫ ટકા સુધી ધિરાણ આપવામાં આવે છે. રીપેમેન્ટ પીરીયડ ૩ થી ૭ વર્ષ દરમ્યાન બેંક દ્વારા રૂા. ૧૧૩૩.૮૪ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે.

(૨) વ્યક્તિગત રીતે મકાન બાંધકામ / તૈયાર મકાન / ફ્લેટ ખરીદવા માટે :-

અ) જિલ્લાના વતની અને સરકારી, સહકારી, અર્ધસહકારી, સ્થાનિક સ્વરાજની સંસ્થામાં નોકરી કરતાં કાયમી કર્મચારીઓ, ધંધાદારી વ્યક્તિઓ અને સ્વરોજગારી વ્યક્તિઓ જેવી કે, ડૉક્ટર, એન્જીનીયર્સ વિગેરે કે જેઓ વાર્ષિક ઓછામાં ઓછી રૂા. ૨,૫૦,૦૦૦/- આવક ધરાવતા હોય તેઓ આ યોજના હેઠળ લોન મેળવી શકે છે.

બ) લોનની મહત્તમ મર્યાદા :

ગ્રામ્ય વિસ્તાર	:	રૂા. ૧૦.૦૦/- લાખ
તાલુકા વિસ્તાર માટે	:	રૂા. ૧૫.૦૦/- લાખ
જિલ્લા મથક માટે	:	રૂા. ૨૦.૦૦/- લાખ

ક) તૈયાર મકાન ખરીદવાનું હોય તો મકાન ખરીદીનો રજીસ્ટર્ડ બાનાખત તેમજ બેંક માન્ય એન્જીનીયરનો વેલ્યુએશન રીપોર્ટના ૭૫% અથવા લોનની મહત્તમ મર્યાદા બે પૈકી જે ઓછું હોય તેટલી લોન મંજુર કરવામાં આવે છે. (રીપેમેન્ટ પીરીયડ ૧૫ વર્ષ લોનના માસિક હપ્તાથી ભરપાઇ કરવાનું હોય છે.) વર્ષ દરમ્યાન બેંક દ્વારા રૂા. ૧૭૬.૦૦ લાખનું ધિરાણ મકાન બાંધકામ માટે આપવામાં આવેલ છે.

(૩) વ્યક્તિગત રીતે વેપાર માટે હાઇપોથીકેશન શાખ :-

જે તે શાખા વિસ્તારના વેપારી / પેઢી તરફથી આવી શાખ અરજી આવતા તેનાં વેપારી ઉથલો, આર્થિક સદ્ધરતા તેમજ જરૂરી મિલ્કત વિગેરેની ચકાસણી કરી આવી શાખ એક વર્ષની મુદત માટે મંજુર કરવામાં આવે છે. એક વર્ષ પુરૂ થયે આ શાખ રીન્યુ થઇ શકે છે.

(૪) બેકેબલ / બાજપાઇ સ્વ રોજગાર યોજના હેઠળનું ધિરાણ :-

નામદાર સરકારશ્રીની શિક્ષીત બેરોજગાર યુવાનોને સ્વરોજગારી આપવાના હેતુવાળી આ યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ભલામણવાળી અરજીઓ સામે ધિરાણ વ્યક્તિગત ધોરણે આપવામાં આવે છે. રિપેમેન્ટ પીરીયડ ૩ થી ૫ વર્ષ. વર્ષ દરમ્યાન બેંક દ્વારા રૂા. ૨૮૨૨.૩૪ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે.

(૫) નોન ફાર્મ સેક્ટર હેઠળના યુનીટોને (નાના ઉદ્યોગોને) જનરલ રીફાઇનાન્સ સ્કીમ હેઠળ કરવામાં આવતા ધિરાણો :-

(અ) બ્લોક કેપીટલ ધિરાણ :-

નવા રચાનાર યુનીટને તેના પ્રોજેક્ટ ખર્ચ સામે વધુમાં વધુ ૮૫% મુજબ આ ધિરાણ આપવામાં આવે છે. રિપેમેન્ટ પીરીયડ ૫ થી ૭ વર્ષ

(બ) વર્કીંગ કેપીટલ ધિરાણ :-

આ બેંકમાંથી બ્લોક કેપીટલ ધિરાણ મેળવેલ ચાલુ કાર્યક્ષમ / અર્થક્ષમ યુનીટને તેના માલસ્ટોક સામે ભરડોળ કરવા આ શાખ આપવામાં આવે છે. આ શાખ ૧ વર્ષની મુદત માટે મંજુર કરવામાં આવે છે. વર્ષ પુરું થયે રીન્યુ થઇ શકે છે.

(૬) ઔદ્યોગિક મંડળીઓને તેમની આર્થિક સ્થિતી તથા કામગીરીને ધ્યાનમાં લઇ બ્લોક કેપીટલ / વર્કીંગ કેપીટલ ધિરાણ આપવાની નીતી છે.

(૭) સોના-ચાંદીના દાગીના સામે ધિરાણ :- મુદત ૧ વર્ષ

૧. તા. ૨૪/૦૪/૨૦૨૩ થી સોનાના બજાર કિંમતના ૬૫% અથવા ૧૦ ગ્રામ સોના દીઠ રૂા. ૩૯,૦૦૦/- બે પૈકી જે ઓછું હોય તે વ્યક્તિદીઠ વધુમાં વધુ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી આ ધિરાણ કરવામાં આવે છે.

૨. ચાંદી માટે એક કિલો ચોખ્ખી ચાંદીના રૂા. ૧૫,૦૦૦/- અગર તો બજાર કિંમતના ૬૫% બે પૈકી જે ઓછું હોય તે વ્યક્તિદીઠ વધુમાં વધુ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી આ ધિરાણ કરવામાં આવે છે.

૩. પરંતુ સોના અને ચાંદી એમ બંને પ્રકારના દાગીના પર એકી સાથે ધિરાણ કરવામાં આવે તો વધુમાં વધુ રૂા. ૨,૦૦,૦૦૦/- ની મર્યાદામાં જ ધિરાણ આપી શકાય છે.

(૮) ઓવર ડ્રાફ્ટ ધિરાણ :-

જિલ્લાની પ્રજાની આકસ્મિક જરૂરીયાતોને પહોંચી વળવા માટે બેંક દ્વારા બેંકની બાંધી મુદત થાપણ તથા પોસ્ટ ઓફિસના નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટ, કિસાન વિકાસપત્રો વગેરે સામે ઓવર ડ્રાફ્ટ ધિરાણ શાખાના બ્રાન્ચ મેનેજરશ્રી દ્વારા મંજુર કરવામાં આવે છે.

નેશનલ સેવિંગ્સ સર્ટીફિકેટ તેમજ કિસાન વિકાસપત્રો સામે મુળ રકમના ૫૦% થી ૮૦% સુધી ધિરાણ બેંક દ્વારા કરવામાં આવે છે. તદ્ઉપરાંત આ બેંકની બાંધી મુદત થાપણની મુળ રકમના ૮૦% સુધી ઓવર ડ્રાફ્ટ ધિરાણ **FD** ની પાકતી મુદત સુધી આપવામાં આવે છે.

(૯) સ્વ. સહાય જુથોને : (એસ.એચ.જી) / સખી મંડળ / મહિલા ઉત્કર્ષ (MMUY) :-

આ જુથો / મંડળીને તેમની રચના પછીના ૬ માસ બાદ કામગીરી વિ. ધ્યાનમાં લઇ બચતના વધુમાં વધુ ૪ પટ સુધી ૩ થી ૫ વર્ષના હપ્તેથી ધિરાણ કરવામાં આવે છે. બેંક દ્વારા **SHG - NRLM** યોજનામાં ૧૦૬૪ જુથોને રૂા. ૨૦૧૦.૩૦ લાખનું ધિરાણ કરેલ છે.

(૧૦) જોઇન્ટ લીયાબીલીટીઝ (જે.એલ.જી.) :-

આ જુથોમાં એપ્રિલ ૨૦૨૨ થી ૪ થી ૧૦ સંખ્યામાં પશુપાલકોના જુથ બનાવી વ્યક્તિગત રૂા. ૧,૦૦,૦૦૦/- ની મર્યાદામાં

વધુમાં વધુ ૪,૦૦,૦૦૦/- ધિરાણ આપવામાં આવે છે. જેની મુદત વધુમાઃ વધુ ૬૦ માસની રહેશે. વર્ષ ૨૦૨૨-૨૩ માં ૭૨૯ જુથોને રૂા. ૨૮૧૮.૯૦ લાખનું ધિરાણ કરેલ છે.

(૧૧) વ્યક્તિગત દૂધાળા ઢોર માટેની લોન યોજના :-

જિલ્લામાં ખેતીના ધંધા સાથે ખેતી આનુસાંગિક પ્રવૃત્તિ તરીકે દૂધના ધંધાનો વિકાસ સારો એવો થયેલ છે. હજુ પણ વિકાસની તક રહેલ છે. તો વધુમાં વધુ ખેડૂતો દૂધના ધંધામાં પ્રગતિ કરે તે માટ બેંકની શાખા મારફતે સીધુ દૂધાળા ઢોર ગાય / ભેંસ ખરીદવા માટે યોજના બેંકે અમલમાં મુકેલ છે. જેમાં અરજદારની લોન રીપેઇંગ કેપેસીટી આધારે નાબાર્ડ યુનીટકોસ્ટ મુજબ દૂધાળા પશુની ખરીદી માટે લોન મંજુર થઇ શકશે. સદર લોન માટે દૂધ મંડળીની વસુલાત અંગેની ગેરંટી રજુ કરવાની હોય છે. અરજદારના દૂધનું પેમેન્ટ બેંકમાં અરજદારના બચત ખાતે જમા થતું હોવું જોઇએ. આ ધિરાણ વધુમાં વધુ ૫ વર્ષના હપ્તેથી મંજુર કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન બેંક દ્વારા દૂધાળા ઢોર માટે રૂા. ૮૦૦૫.૯૬ લાખનું ધિરાણ આપવામાં આવેલ છે.

વિવિધ રોકડ શાખો

૧) સાદી રોકડ શાખ :

પગારદાર કર્મચારી ધિરાણ મંડળી, નાગરિક શરાફી મંડળીઓ તથા નાગરિક બેંકો તેમજ જીનોને (વહીવટ ખર્ચ માટે) આવી શાખો મંજુર કરવામાં આવે છે. મુદત એક વર્ષ.

૨) ખેતી / બિનખેતી / રાસાયણિક ખાતર સાનગીરો રોકડ શાખ :-

સેવા / દૂધ મંડળીઓને ખેતી, બિનખેતી ચીજોના તથા રાસાયણિક ખાતરોના વેપાર માટે આવી શાખ માલસ્ટોક સામે આપવામાં આવે છે. મુદત એક વર્ષ.

૩) માર્કેટીંગ શાખો :-

અ. સેવા મંડળીઓને / અન્ય માર્કેટીંગ સંસ્થાઓને પુલીંગ માટે / સીધી ખરીદી માટે માર્કેટીંગ સાનગીરો શાખ એક વર્ષની મુદત માટે આપવામાં આવે છે.

૧. પુલીંગ માટે માર્જીન ૨૫ ટકા
૨. સીધી ખરીદી માટે માર્જીન ૪૫ ટકા

બ. સહકારી જીનોને કપાસ (રૂ) ની ખરીદી માટે પ્લેજ કબજાગીરો શાખ સીઝનલ મંજુર કરવામાં આવે છે અને તેમાંથી જરૂરીયાત મુજબ ઉપાડ આપવામાં આવે છે.

વસુલાત :-

બેંક સાબરકાંઠા / અરવલ્લી જિલ્લાની કુલ ૬૧૦ સેવા સહકારી મંડળીઓના ખેડૂત સભાસદો ને વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ટુંકી મુદત (કેસીસી, કારીગર વર્ગ) હેઠળ કુલ રૂા. ૧૦૪૬.૯૦ કરોડ (મુદતવીતી સહીત) નું પાક ધિરાણ આપેલ હતું જેમાં તા. ૩૧/૦૩/૨૦૨૩ સુધી કુલ રૂા. ૧૦૩૦.૦૧ કરોડની વસુલાત આવતા બેંકે ટુંકી મુદત હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ૯૮.૩૯% જેટલી વસુલાત કરેલ છે.

આ ઉપરાંત સાબરકાંઠા / અરવલ્લી જિલ્લાની ૬૧૦ મંડળીઓના ખેડૂત સભાસદોને વર્ષ ૨૦૨૨-૨૦૨૩ દરમ્યાન રૂા. ૨૫૨.૯૩ કરોડ જેવું ખેતી / બિનખેતી વિષયક વિવિધ હેતુઓ માટે મધ્યમ મુદતના મુદતીય ધિરાણો કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ની મ.મુ. ખેતી વિષયક ડિમાન્ડ રૂા. ૬૨.૪૩ કરોડ હતી જે પૈકી ૬૦.૮૮ કરોડ વસુલાત આવેલ છે જે ૯૭.૫૨ ટકા થયેલ છે.

સને ૨૦૨૨-૨૩ Ro/So વિભાગની કામગીરી :-

ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ ના કાયદાની કલમ ૯૬, ૯૯ (૪) તેમજ કલમ ૧૫૯, ૧૩૮ તથા ઓ.ટી.એસ. ૨૦૨૧-૨૦૨૨ હેઠળ થયેલ કામગીરી :

ઓ.ટી.એસ. હેઠળ થયેલ કામગીરી :-

રાજ્ય સહકારી બેંક તથા જિલ્લા સહકારી બેંકોની મુદતવીતી / એન.પી.એ. લ્હેણાઓ વસુલ કરવા મંજુર થયેલ વનટાઇમ સેટલમેન્ટ (ઓ.ટી.એસ.) ના અમલીકરણ સારૂ રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા કૃષિ અને સહકાર વિભાગના જણાવ્યા અનુસાર રાજ્ય સરકારી બેંક તથા જિલ્લા સહકારી બેંકોના મુદતવીતી / એન.પી.એ. થયેલ લ્હેણાઓ વસુલ કરવા માટે ઓ.ટી.એસ. યોજના મંજુર કરવામાં આવેલ . સદર યોજના સંયુક્ત રજીસ્ટ્રાર (ધિરાણ) સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૧૬-૩-૨૦૨૧ ના પત્ર નં. સમલ/૨૦૦૧/જી/ઓઆઇ ૧૬ચ(૧૬) તથા જી.એસ.સી. બેંકના તા. ૧૭-૩-૨૦૨૧ ના જા.નં. ડેવ/૬૨/૧૭૧ થી ઓ.ટી.એસ.ની તા. ૨૩-૮-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ. પરંતુ ઓ.ટી.એસ. હેઠળ કોઇ માગણી આવેલ નથી. હાલમાં ઓ.ટી.એસ. યોજનાની મંજુરી મળેલ નથી.

તદ્ઉપરાંત કલમ ૧૫૯ તથા ૧૩૮ મુજબના કેસોમાં નીચે મુજબ નિકાલ થયેલ છે.

